### ખનિજ ચોર બેફામ બન્યા

# ગોલવાડા પાસેની નદીના પટમાં ખોદકામ અટકાવતાં મહિલા સરપંચના પતિ ઉપર હુમલો

### ડેપ્યુટી સરપંચની ઉપસ્થિતિમાં લીઝના કાગળ માંગતાં મામલો બિચક્યો

બાયડ, તા.૯

સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી નદીઓના પટમાં ગેરકાયદેસર ખનિજ ખોદકામની પ્રવૃત્તિએ માઝા મૂક્યા પછી ખનિજ ચોર બેફામ બન્યા છે. ઈડર તાલુકાના ગોલવાડા નજીકથી પસાર થતી સાબરમતી નદીના પટમાં ખોદકામ અટકાવતાં મહિલા સરપંચના પતિ ઉપર હુમલો થયાની ઘટનાએ ચકચાર જગાવી છે. ગેરકાયદેસર રીતે ખનિજ ખોદકામ થતું હોવાની માહિતી મળતાં મહિલા સરપંચના પતિ ડેપ્યુટી સરપંચને સાથે રાખી સ્થળ ઉપર પહોંચ્યા હતા. જ્યાં લીઝના કાગળો માગતાં મામલો બિચક્યો હતો અને મહિલા સરપંચના પતિને માથામાં લાકડાનું પાટીયું ફટકારવામાં આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ઈડર પોલીસે ૪ જણ સામે ગુનો નોંધ્યો છે.

ખનિજ ચોરી કાયમી દુષણ બની ગયું છે અને ગ્રામ પંચાયત વિસ્તારના તાબામાં થતા ગેરકાયદેસર ખનિજ ખોદકામને રોકવામાં હુમલાની ઘટનાઓ વધી રહી છે. ગોલવાડા ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાં તા.૭ ફેબ્રુઆરીના રોજ કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે રેતી ખોદકામ કરતા હોવાની માહિતી ગ્રામ પંચાયતના મહિલા સરપંચ નિર્મલાબેન ઠાકોરને નરેશ રાવળ નામના ઈસમે માહિતી આપી હતી જેથી મહિલા સરપંચે પતિ ભરતજી ઠાકોરને સ્થળ ઉપર જવા માટે સૂચના આપતાં ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ પ્રધાનજી સાથે તેઓ નદીના પટમાં પહોંચ્યા હતા જ્યાં મહેસાણા જિલ્લાના દેદાસણ ગામના સુભાષ અંબાલાલ રાવળ અને અન્ય ૩ ઈસમો રેતી, કાંકરાનું ખોદકામ કરતા હોવાથી મહિલા સરપંચના પતિએ ખોદકામ અટકાવી લીઝ અંગેના કાગળો માંગતાં મામલો બિચક્યો હતો જે દરમ્યાન ઉશ્કેરાયેલા ઈસમો પૈકી લાલાભાઈ વિષ્ણુભાઈ રાવળે મહિલા સરપંચના પતિ ભરતજી ઠાકોરને માથામાં લાકડાનું પાટીયું ફટકારી દેતાં લોહી લુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. નદીના પટમાં ચાલતા ગેરકાયદેસર ખોદકામને અટકાવવા મુદ્દે પટમાં ધિંગાણું થતાં હલચલ મચી હતી. બનાવ અંગે ભરતજી ઠાકોરની ફરિયાદના આધારે ઈડર પોલીસે ૪ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**આરોપી**

- સુભાષ અંબાલાલ રાવળ
- લાલાભાઈ વિષ્ણુભાઈ રાવળ
- કાકુસિંહ પ્રભાતસિંહ પરમાર
- વિક્રમ મહેશ રાવળ

(તમામ રહે.દેદાસણ, તા.ખેરાલુ, જિ.મહેસાણા)

# ઠગ્સ ઓફ ટ્રેક્ટર : મોડાસાના શો રૂમ પરથી ટ્રેક્ટર ખરીદી શખ્સે અમરેલી બરોબર વેચી શોરૂમને ચૂનો લગાવ્યો

### ટ્રેક્ટર કૌભાંડના ભણકારા : બાકરોલ (માળકંપા)નો યુવરાજસિંહ રાઠોડ ન્યુ બ્રાન્ડેડ ટ્રેક્ટર ખરીદી રજીસ્ટ્રેશન વગર બરોબર ઓછી કિંમતે દલાલને વેચી મારતો હોવાની અરજી



મોડાસા,તા. ૯

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં ટ્રેકટરનો શોરૂમ માલિકને ટ્રેકટર ખરીદનાર શખ્સ પર ભરોષો કરવો ભારે પડ્યો છે બાકરોલ (માળકંપા) ના શખ્સે આદર્શ ટ્રેકટરમાંથી એક શખ્સે ૭ લાખનું ટ્રેકટર ખરીદી કરી ડાઉન પેમેન્ટ ભર્યા વગર ખરીદી કરેલ ટ્રેક્ટર બારોબાર અમરેલીના રવી દલાલને વેચી દઈ ટ્રેક્ટર શો-રૂમ માલિક સાથે છેતરપિંડી કરતા શો રૂમ માલિકે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી ઠગ્સ ઓફ ટ્રેક્ટર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી ન્યુ બ્રાન્ડેડ ટ્રેકટર કૌભાંડ આચરતી ગેંગ ગુજરાતમાં સક્રિય હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં આદર્શ ટ્રેકટરનો શો-રૂમ ધરાવતા પ્રહલાદ ભાઈ ધનજીભાઈ પટેલે ટાઉન પોલીસ સ્ટેશનમાં બાકરોલ (માળકંપા)ના યુવરાજસિંહ તખતસિંહ રાઠોડ સામે ટ્રેકટર ખરીદી કરી ડાઉન પેમેન્ટ આપ્યા વગર ૭ લાખનુ ટ્રેકટર બરોબર વેચી દીધું હોવાની અરજી ટાઉન પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બાકરોલ (માળકંપા)માં રહેતા યુવરાજસિંહ રાઠોડે મોડાસા શહેરના આદર્શ ટ્રેકટર શો-રૂમમાંથી અન્ય એક ગ્રાહકની મદદથી વિશ્વાસ કેળવી ટ્રેકટરનું ડાઉન પેમેન્ટ ૮૦ હજાર રૂપિયા અને લોનનો ચેક બીજા દિવસે આપવાનું કહીં ૭ લાખ રૂપિયાનું ટ્રેકટર ખરીદી કરી બરોબર ટ્રેકટર અમરેલી રવિ નામના દલાલને વેચી દીધું હતું શો-રૂમ માલિકને રૂપિયા આપવા સતત ગલ્લા-તલ્લા કરતા શો રૂમ માલિકને તેમનું ટ્રેકટર અમરેલીના દલાલે ઓનલાઈન વેચાણ કરવા મૂક્યું હોવાની જાણ થતા તેમને દલાલનો સંપર્ક કરતા યુવરાજસિંહ રાઠોડ ન્યુ બ્રાન્ડેડ ટ્રેકટર રજીસ્ટ્રેશન વગર ઓછી કિંમતે આપતો હોવાનું જણાવ્યું હતું ટ્રેકટર માલિકે યુવરાજસિંહને પૈસા માટે સંપર્ક કરતા તેને રૂપિયાની જરૂર હોવાથી ૨.૮૦ લાખમાં ટ્રેકટર વેચી દીધું હોવાનું શો-રૂમ માલિકને જણાવતા તેમના પગ તળિયેથી જમીન ખસી ગઈ હતી ઠગ્સ ઓફ ટ્રેકટર સામે ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# સાબરકાંઠા જિલ્લાની ૨૪ સેવા સહકારી મંડળીઓના ઓડીટ બાકી

### ૩ દૂધ મંડળીઓમાં ગેરરીતી બહાર આવતાં સંચાલક બોર્ડ સામે કાર્યવાહી

બાયડ, તા.૯

સહકારી સંસ્થાઓમાં ગેરરીતીઓનું પ્રમાણ વધ્યું છે. કેટલાક કિસ્સાઓમાં ઓડીટ દરમ્યાન પાછલા ૪-૫ વર્ષની ગેરરીતીઓ પ્રકાશમાં આવતી હોય છે ત્યારે સાબરકાંઠા જિલ્લાની ૨૪ સેવા સહકારી મંડળીઓનાં ઓડીટ હજુ બાકી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે વિભાગે જણાવ્યું કે ઓડીટો નિયુક્ત કરાયા છે પરંતુ ટૂંકમાં જ ઓડીટ પુરુ કરાશે. જ્યારે ૩ દૂધ મંડળીઓમાં ઓડીટ દરમ્યાન ગેરરીતી જણાતાં સંચાલક બોર્ડ સામે કાર્યવાહી કરવામાં આવી છે. અત્યારે રાજકારણમાં ખાસ કરીને સહકારી સંસ્થાનું રાજકારણ સૌથી વધુ વજનદાર ગણવામાં આવે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ખાસ કરીને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી અકલ્પનિય વિજય હાંસલ કર્યો છે. સાબરકાંઠા જિલ્લાની મોટાભાગની સહકારી સંસ્થાઓમાં ભાજપને સમર્થન કરનારા આગેવાનોનું પ્રભુત્વ જોવા મળ્યું છે. જિલ્લાની અનેક સેવા મંડળીઓમાં લાખોનાં ઉચાપત કૌભાંડ પ્રકાશમાં આવ્યાં, પોલીસ ફરિયાદ થઈ, આરોપીઓ જેલમાં ગયા અને ત્યાર પછી જામીન પર મુક્ત થઈફરી રહ્યા છે પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં રીકવરી હજુ પણ બાકી છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં નોંધાયેલી ૩૮૮ સેવા સહકારી મંડળીઓમાંથી ૨૪ મંડળીઓમાં ઓડીટ બાકી રહ્યાનું જાણવા મળ્યું છે. જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના સૂત્રોનું માનીએ તો આ તમામ મંડળીઓમાં જેતે ઓડીટરની પેનલ નક્કી કરવામાં આવી છે અને માર્ચ-૨૦૨૩ પહેલાં ઓડીટ પુરુ કરવામાં આવશે.

**૩ દૂધ મંડળીઓમાં ગેરરીતી**

સાબરકાંઠા જિલ્લાની ૩ દૂધ મંડળીઓમાં ઓડીટ દરમ્યાન ગેરરીતીઓ બહાર આવ્યા પછી જવાબદાર સંચાલક મંડળ સામે કાર્યવાહી કરવામાં આવી છે જેમાં ● ધી ખારી અમરાપુર દૂધ મંડળી, તા.પ્રાંતિજ ● ધી લેઈ દૂધ મંડળી, તા.ઈડર ● ધી નવાવડવાસા મહિલા દૂધ મંડળી, તા.પ્રાંતિજ

# ગુજરાતમાં સાપની પ્રજાતિ ૨૫થી વધીને ૩૨ થઈ : ૬ વર્ષ સંશોધન ચાલ્યું

### વાઇલ્ડ લાઇફ એક્સપર્ટ ટીમના સભ્યો બનાસકાંઠાના ભાભર ડીસા અને થરાદમાં રેડ સપોર્ટેડ રોયલ સ્નેક ગુજરાતમાં પહેલી વાર જોવા મળ્યા

પાલનપુર તા.૯

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા સાબરકાંઠાના અરવલ્લી મહેસાણા અને પાટણ આ પાંચ જિલ્લા પૈકી બનાસકાંઠા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા જંગલ અને વન્યજીવોમાં સમૃદ્ધિ ધરાવે છે. ઉત્તર ગુજરાતમાં અજગર સંરક્ષણ અને સંશોધનની કામગીરી કરતા જયદીપ મહેતા અને તેમની ટીમ દ્વારા ઉત્તર ગુજરાત માંથી સમગ્ર ગુજરાત માટે નવી કહી શકાય એવી એક પ્રજાતિનો સાપ કે જેની હાજરી ગુજરાતમાં હોવાનું પ્રથમ વખત જાણવા મળ્યું છે.

આ સાપની હાજરી અંગેના જરૂરી પુરાવાઓને વન્ય એક્સપર્ટ ટીમ દ્વારા શોધવામાં આવ્યા અને વૈજ્ઞાનિક પદ્ધતિથી દરેક પુરાવોનો તલસ્પર્શી અભ્યાસ કરીને આ અંગેનું સંપૂર્ણ બાબતોને આવરી લેતું શંશોધન પત્ર પણ આંતરરાષ્ટ્રીય જર્નલમાં જમા કરાવવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતા સ્નેક એક્સપર્ટ જયદીપ મહેતાએ જણાવ્યું હતું કે" **Red spotted royal snake** ભારતમાં જોવા મળતા સૌથી દુર્લભ પ્રજાતિઓના સાપો માંથી એક છે જેની હાજરી રાજસ્થાન અને પાકિસ્તાનના સિંધ પ્રાંત વિસ્તારમાં નોંધાયેલ છે કે અસ્તિત્વ ધરાવે છે, આ સાપ અતિ દુર્લભ પ્રજાતિમાં શામિલ હોવાથી આ સાપ વિશેની વધારે જાણકારીનો અભાવ છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,ગુજરાતમાં અમને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના થરાદ ડીસા અને ભાભર વિસ્તારમાંથી આ સાપ મળી આવ્યો છે જે હવે માત્ર રાજસ્થાન પૂરતો સીમિત ન રહેતા ગુજરાતમાં પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. આ શંશોધન ઉપરાંત ગુજરાતમાં ઉત્તર ગુજરાત સિવાય બીજા વિસ્તારમાં જોવા મળતી પ્રજાતિઓના સાપો પૈકીની ૫ પ્રજાતિઓના સાપોની હાજરી ગુજરાતના બીજા વિસ્તારોની સાથે સાથે ઉત્તર ગુજરાતમાં પણ હોવાના પુરાવો મળ્યા છે અને આ બાબતની જાણકારી પણ અમારા શંશોધન પત્રમાં શામેલ કરેલ છે. ઉત્તર ગુજરાતમાં ૨૫ પ્રજાતિના સાપોની હાજરી નોંધાયેલી હતી જે અમારા શંશોધન અને અભ્યાસ પછી વધીને ૩૨ થઈ છે એટલે કે ઉત્તર ગુજરાતમાં હવે ૨૫ ની જગ્યાએ ૩૨ પ્રજાતિના સાપો પોતાનું અસ્તિત્વ ધરાવે છે. " આ અંગે પૂરક વિગતો આપતા વાઈલ્ડ લાઈફ ટીમ બનાસકાંઠાના સાહસિક સભ્ય નરેશ પુખરાજ ભાઈ ચૌહાણે "ગાંધીનગર સમાચાર " બનાસકાંઠા બ્યુરો ચીફ ગણપતલાલ કે. જોષી સાથે વાતચીત કરતા વધુમાં જણાવેલ કે,પાછલા છ વર્ષથી ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓમાં આ શંશોધન અભિયાન ચાલ્યું જેમાં ફિલ્ડવર્ક ઉપરાંત દરેક બાબતોને તલસ્પર્શી અભ્યાસમાં દિનેશ પ્રજાપતિ (ફોરેસ્ટર-બનાસકાંઠા) રણજીત ઠાકોર(સદ્ભાવના ફાઉન્ડેશન), પ્રકાશ સાંખલા , શ્રુતિ પટેલ(હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી), હસ્તી પાનસેરિયા(ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ), અતુલસિંહ ઝાલા(બીટ ગાર્ડ-મહેસાણા), લક્ષ્મણ ભરવાડ અને ચિરાગ ચૌધરી(બીટ ગાર્ડ-સાબરકાંઠા) મુખ્ય છે . ઉત્તર ગુજરાતના સ્થાની વનવિભાગ અને તેમના સ્ટાફની કામગીરીને અવગણી શકાય એમ નથી અને આ શંશોધનના અંતે મળેલ પરિણામમાં સ્થાનિક વનવિભાગનો સ્ટાફ અને અધિકારીઓ પણ અભિનંદનને પાત્ર છે, આ માટે ખાસ કરીને શ્રી પરેશ ચૌધરી સર (નાયબ વનસંરક્ષક ) , યોગેશ દેસાઈ સર (નાયબ વન સંરક્ષક), જયેશ ચૌધરી(ઈર્હ્ર- રાધનપુર) જાવેદ ઘાસુરા(ફોરેસ્ટર -બનાસકાંઠા ડિવિઝન) પ્રકાશ વસાવા (બીટ ગાર્ડ-બનાસકાંઠા) વિજય પરમાર, મહેશ ચૌધરી(બીટ ગાર્ડ-બનાસકાંઠા) અને આ ઉપરાંત સાપ અને અન્ય વન્યજીવોને બચાવવાની કામગીરી કરતા સ્વયં સેવકોમાં રાજ પટેલ(વગડો ચેરીટેબલ ટ્રસ્ટ), શનિ ઠાકોર , ગોપાલ ઠાકોર , વિષ્ણુજી ઠાકોર વગેરેની કામગીરી સરાહનીય છે અને આ સમગ્ર કામગીરી નો શ્રેય દરેક ને ફાળે જાય છે .

**સાપની પ્રજાતિને ઓળખવાની પદ્ધતિ**

સાપનું આખું શરીર ભીંગડાઓથી રક્ષાએલ હોય છે, અને આ ભીંગડાઓની સંખ્યા દરેક સાપની અલગ પ્રજાતી મુજબ અલગ અલગ અને નિશ્ચિત હોય છે, જે ભીંગડાઓની ગણતરીને આધારે પણ સાપોની અલગ અલગ પ્રજાતિઓનું એકબીજી પ્રજાતિઓથી અલગ કરવામાં કે ઓળખવામાં ઉપયોગ કરવામાં આવે છે, જેમ માણસની ઓળખ માટે ફિંગરપ્રિન્ટ નો ઉપયોગ થાય છે એજ રીતે સાપોની અલગ અલગ પ્રજાતિઓને ઓળખવા અને અલગ તારવવા માટે ભીંગડાઓની ગણતરી દ્વારા વર્ગીકરણ કરવામાં આવે છે, આ ઉપરાંત વધુ ઊંડાણ પૂર્વક અભ્યાસ અને પ્રજાતિઓની જાણકારી અને વર્ગીકરણ માટે જેતે સાપની પ્રજાતિના દ્ધદ્ગછ વિશ્લેષણ દ્વારા પણ ઓળખ કરવામાં આવે છે.

**આ પ્રજાતિ નવી ઉમેરાઈ**

૧. **Green vine snake** (લીલી માળણ)(ઉ.ગુ.માં પ્રથમ વાર)
૨. **Bronzeback tree snake** (તામ્રપીઠ)(ઉ.ગુ.માં પ્રથમ વાર)
૩.**Bamboo pit viper** (વાંસ નો ખડચિતળ)(ઉ.ગુ.માં પ્રથમ વાર)
૪.**Dumerils black headed** (શ્યામશીર)(ઉ.ગુ.માં પ્રથમ વાર)
૫. **Laudankia vine snake** (ભુરી માળણ) (ઉ.ગુ.માં પ્રથમ વાર)
૬: **Red spotted royal snake** ટપકીલો રજવાડી. (ગુજરાતમાં પ્રથમ વાર)





# પ્રાંતિજ હજામચોરા રોડ વચ્ચોવચ ખોદવામા આવેલ ખાડાને લઈને નગરજનો પરેશાન



પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ હજામચોરા વિસ્તારમા મેન રોડ વચ્ચોવચ ખોદવામા આવેલ ખાડાને લઈને વેપારીઓ તથા રહીશો, નગરજનો, વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે તો રોડ વચ્ચોવચ ખાડાને લઈ ને અવરનવર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા હજામચોરા વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન લીકેજ થતા છેલ્લા દશ દિવસથી પણ વધારે દિવસોથી રોડ વચ્ચોવચ પાઈપ લાઈન રીપેરીંગ માટે બજાર ના મેન રોડ વચ્ચોવચ પ્રાંતિજ પાલિકા દ્વારા ખાડો ખોદવામા આવેલ છે અને ખાડો ખોદયા બાદ પાલિકા દ્વારા મનથર ગતિએ કામ કરતા અહીંથી રોજીદ્દુ અવરજવર કરતા નગરજનો તથા આજુબાજુમા આવેલ દુકાન માલિકો લારી ગલ્લાના નાના -મોટા વેપારીઓ સહિત બજારમા આવતા વાહનો તથા નગરજનો હાલતો રોડ વચ્ચોવચ ખોદકામ કરેલ ખાડાને લઈને હેરાન પરેશાન થઈ રહ્યા છે તો બીજી બાજુ હાલ બજાર મા લગ્ન સિઝન ને લઈને ખરીદી માટે ગ્રાહકોનો મોટો ધસારો જોવા મલે છે અને પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકો ખરીદી માટે આવતા હોય તેવા ગ્રાહકો પણ હાલતો હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે દશ-દશ દિવસ ઉપર થયા છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા ધીમી ગતિએ કામ હાથલેતા વેપારીઓ, વાહન ચાલકો સહિત નગરજનો મા રોષ જોવા મળી રહ્યો છે ત્યારે હજુ આ કામ કયારે પૂર્ણ થશે અને ખાડો પુરાશે એતો હવે જોવુ રહ્યુ.

# તલોદ નગરપાલિકાની વિપક્ષાની ગેરહાજરીમાં ખાસ સાધારણ સભા યોજાઈ

તલોદ તા ૯

સાબરકાંઠા જિલ્લાની શ્રેષ્ઠ નગરપાલિકા ગણાતી તલોદ નગરપાલિકા ની ખાસ સાધારણ સભા મળી હતી જેમાં વિપક્ષ કોંગ્રેસ પક્ષના સભ્યો એ બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળે છે આ અંગે માહિતી આપતાં તલોદ નગર પાલિકા ના ઉપપ્રમુખ ઋતુલ પટેલે માહીતી આપતા જણાવ્યું હતું કે તલોદ નગરપાલિકા ના પ્રમુખ દક્ષા બા ઝાલા ના પ્રમુખ સ્થાને ખાસ સાધારણ સભા મળી હતી જેમાં વિપક્ષ ના સભ્યો ની ગેરહાજરી માં સતાધારી પક્ષના ૧૩ સભ્યો હાજર રહ્યા હતા જેમાં નગરપાલિકા ના ચીફ ઓફિસર હિરેન સોલંકી દ્વારા વિકાસ ૨૦૨૩-૨૪ નું ૧૮.૫૦ કરોડ નુ વિકાસલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય વિકાસ કામોમાં જુદાજુદા વિસ્તારોમાં આર સી સી ના કામો ઉપરાંત અમૃત ૨૦ યોજના ની ગ્રાન્ટ અંતર્ગત મળનાર આઠ કરોડ સતાવિસ લાખ ની ગ્રાન્ટ માંથી પોયડા ગામ માધવ વિહાર તથા સન્માન સોસાયટી માં પાણીની ટાંકી તથા જુદા જુદા વિસ્તાર માં પાણી વિતરણ અંગે નુ આયોજન કરવામાં આવનાર છે

# વિસનગરા નાગર સમાજનું ગૌરવ



તલોદ તા ૯

વિસનગરા નાગર સમાજ ના અગ્રણી અને તલોદ ના પત્રકાર પ્રવીણ રાવલ ના પૌત્ર ચાહિલ મયુર રાવલ જેઓ તલોદ ખાતે આવેલ વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ માં ધોરણ નવ માં અભ્યાસ કરે છે જે તાજેતર માં શાળા કક્ષાએ યોજાયેલ કેરમ સ્પર્ધા માં પ્રથમ ક્રમે વિજેતા થઈ શાળા, તલોદ નગર અને વિસનગરા નાગર બ્રાહ્મણ સમાજ નું ગૌરવ વધારતા શાળા ટ્રસ્ટીગણ તેમજ નગર પાલિકા ઉપપ્રમુખ ઋતુલ પટેલ, તેમજ સમાજ ના અગ્રણી ઓ એ અભીનંદન પાઠવ્યા હતા.

**જન્મદિને વધામણી**



વૈદિક મિલનકુમાર બુટાલા

# પ્રાંતિજના તાજપુર નજીક વિજપોલ સાથે ટ્રક અથડાતા અકસ્માત

### ૧૧ કેવિ જીવંત વાયર સાથે વિજપોલ ટ્રક ઉપર પડયો : ટ્રક મા બેઠેલા ચાર લોકોનો આબાદ બચાવ : વિજકર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી વીજપુરવઠો બંધ કર્યો



પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર નજીક એક ટ્રક વિજપોલ સાથે ધડાકાભેર અથડાતા વિજપોલ ટ્રક ઉપર જીવંત વાયરો સાથે પડયો હતો તો મોટી જાનહાની ટળી. પ્રાંતિજના તાજપુર પાસે એક ટ્રક નંબર-રત્નo૨૨ ૫૪૮૨ નો ચાલક પોતાનો ટ્રક રિવર્સ લેતો હતો તે દરમ્યાન પાછળ રહેલ કરોલ એજી ફિડર નો અગિયાર કેવિનો વિજપોલ સાથે ધડાકાભેર અથડાયો હતો અને વિજપોલ વાયરો સાથે ટ્રક ઉપર પડયો હતો તો ટ્રક માં સવાર ચાર લોકોનો આબાદ બચાવ થયો હતો તો આ ઘટના અંગેની જાણ વિજકચેરી એ કરતા વિજકર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વીજપુરવઠો બંધ કર્યો હતો તો મોટી જાનહાની ટળી હતી.